# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૩ તા.૨૪-૦૭-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- દિવ્યાંગ વિદ્યાર્થીઓને એસ્કોર્ટ / ટ્રાન્સપોર્ટ તેમજ રિડર એલાઉન્સ અને દિવ્યાંગ દિકરીઓને ગર્લ્સ સ્ટાઈપેન્ડ બાબત.

આથી તમામ મ્યુનિ. પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા, આઈઈડી શાખા અન્વયે મ્યુનિ. કોર્પોરેશન હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓના ધોરણ ૧ થી ૮ માં ભણતા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા દિવ્યાંગ બાળકોને રાજ્ય કચેરી દ્વારા **DBT** અંતર્ગત શૈક્ષણિક સહાય ( એસ્કોર્ટ,ટ્રાન્સપોર્ટ, રિડર એલાઉન્સ,દિવ્યાંગ દિકરીઓને ગર્લ્સ સ્ટાઈપેન્ડ અને હોમબેઝ એજયુકેશન)ની ગ્રાન્ટ જે તે વિદ્યાર્થીઓના ખાતામાં ડાયરેકટ પેમેન્ટ પદ્ધતિથી **RTGS** દ્વારા ફાળવવામાં આવનાર છે.

મ્યુનિ.સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓમાં દિવ્યાંગતા ધરાવતા તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ શાળાકક્ષાએ તેમજ રિસોર્સરૂમમાં આવ-જા કરે છે. જેમાં ૨૧ કેટેગરીમાં આવતા તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓને જરૂરિયાત મુજબ દિવ્યાંગતાનું ૪૦% કે તેથી વધુનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર અને જરૂરી ધારાધોરણ મુજબની પાત્રતા ધરાવતા હોય તેવા દિવ્યાંગ વિદ્યાર્થીઓ શાળાકક્ષાએ અને કલસ્ટર કક્ષાના રિસોર્સરૂમમાં સમયસર આવી શકે તે માટે તેઓને સહાય સ્વરૂપે એલાઉન્સનો લાભ આપવામાં આવનાર છે.

- એસ્કોર્ટ એલાઉન્સ :-

  CP, MD અને TB (સંપૂર્ણ અંધ)કેટેગરીની દિવ્યાંગતા અને જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને શાળાએ સમયસર અને કાળજીપુર્વક લાવવા-લઈ જવા માટે સહાયક વ્યક્તિની જરૂરિયાત રહે છે. તેને સહાય સ્વરૂપે એસ્કોર્ટ એલાઉન્સ આપવામાં આવે છે. આવા બાળકોને અંતર અને જોખમને ધ્યાનમાં રાખી લાભ અપાવવો.
- હોમ બેઝ એજયુકેશન એલાઉન્સ :-

  અતિ ગંભીર / બહુ દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે
- રિડર એલાઉન્સ

  ૧૦૦% સંપૂર્ણ અંધ દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે

આમ, તમામ શાળાઓના મુખ્ય શિક્ષકોએ પોતાના કલસ્ટરના સ્પે.એજયુકેટર / વિશિષ્ટ શિક્ષકોનો સંપર્ક કરી ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓને માસિક સહાય માટે આ સાથે બિડાણમાં સામેલ નિયત નમુનામાં આપેલ તમામ પ્રકારની ચોકસાઈપુર્વક માહિતી મેળવી એકસેલ ફાઈલમાં (**Arial fonts**)(અંગ્રેજી) કેપિટલમાં જ બનાવીને માહિતી તૈયાર કરવાની રહેશે. આ સાથે સામેલ પત્રક મુજબ શાળાઓએ માહિતી તૈયાર કરી **CRC Co.o.**ને આપવાની રહેશે. **CRC Co.o.**એ આ માહિતી **URC Co.o.**ને મોકલી આપે, તેમજ **URC Co.o.**એ આ માહિતી દિન-૧૦માં મુખ્ય કચેરીએ મોકલી આપવાની રહેશે.

નિયત સમયમર્યાદા બાદ આવેલ દરખાસ્ત તેમજ અપૂર્ણ કે ક્ષતિવાળી દરખાસ્તને ધ્યાનમાં લેવામાં આવશે નહિ. ઉપરોક્ત એલાઉન્સના લાભથી કોઈ વિદ્યાર્થી વંચિત ન રહે તે મુજબની કામગીરી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- દરખાસ્ત ફોર્મ (પત્રક-૧ એકસેલ કોપી)

તા.૨૪-૦૭-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

## IEDSS અંતર્ગત સમાવિષ્ટ થતી દિવ્યાંગતાની યાદી

**YEAR : 2022-23**

| CODE No. | Name of Disability | દિવ્યાંગતાનું નામ |
|---|---|---|
| 1 | Blindness | સંપુર્ણ દ્રષ્ટિહીન |
| 2 | Low-vision | અલ્પદ્રષ્ટિ |
| 3 | Hearing Impairment | શ્રવણમંદતા |
| 4 | Speech disability | વાચા અને ભાષાની દિવ્યાંગતા |
| 5 | Locomotor Disability | શારીરિક હલન-ચલનની દિવ્યાંગતા |
| 6 | Mental Illness | માનસિક બીમારી |
| 7 | Learning Disabilities | શીખવામાં દિવ્યાંગતા |
| 8 | Cerebral Palsy | મગજનો લકવો |
| 9 | Autism | સ્વલીનતા |
| 10 | Multi Disability | બહુદિવ્યાંગતા |
| 11 | Leprosy Cured | કુષ્ઠરોગમાથી સાજા થયેલ |
| 12 | Dwarfism | ઠીંગણાપણું |
| 13 | Intellectual Disability | બૌધિક દિવ્યાગતા |
| 14 | Muscular Dystrophy | સ્નાયુઓની વિકૃતિ |
| 15 | Chronic Neurological conditions | દીર્ઘકાલીન જ્ઞાનતંત્રીય બીમારી |
| 16 | Multiple Sclerosis | બહુવિધ સ્કલેરોસિસ |
| 17 | Thalassemia | થેલેસેમિયા |
| 18 | Hemophilia | રક્તસ્ત્રાવ |
| 19 | Sickle Cell disease | એનેમીયા |
| 20 | Acid Attack victim | એસીડ હુમલાનો ભોગ બનેલ |
| 21 | Parkinson's disease | કંપવાત |

# Patrak - 1

## Detail Information of CwsN Students are Enrolled in Std. 1 to 8 for the Year 2023-24

**Eligible CwSN Bank Account Details**

| | Basic Information of CwsN | | | | | | | | | | | | | | | | | Bank Account Details | | | | | Allowances | | | | | Name of Sp. Teachers & School Principal | | | | | | Requirement of Aid/Appliances for CWSN | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| No: | District | Block/Zone | Cluster Code | Cluster Name | School DISE | School Name | Std. | CwSN Aadhar card No. | CwsN Name | Gender Boys/Girls | Disability Name | Degree of Disability (%) | Medi. Certi No. | Medi. Certi Date | UDID No. | Caste (SC/ST/ OBC/ MIN/ GEN) | Birth Date | Name as per Bank Passbook | Bank Name | Bank Branch Name | Bank Account Number | IFSC Code | 200.0.3 Escort Allowance (Rs. 300/- x 10 months) | 200.0.4 Transport Allowance (Rs. 300/- x 10 months) | 200.0.5 Home Based Education Allowance (Rs. 350/- x 10 months) | 200.0.8 Reader Allowance for LV and TB (Rs. 300/- x 10 months) | 201.0.1 Girls' Stipend (Rs. 200/- x 10 months) | School Management (Govt./ GIA) | Name of School Principal | School Principal Contact No. | Name of Special Educator | Working Category | Special Educator Mobile Number | Name & Details of Aid / Appliances | No. of Aid / Appliances |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 | 32 | 33 | 34 | 35 | 36 |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |